






એક સમયના સાથીનો વિશ્વાસ ખોવાય છે,
કરેલાં કાળાં કામોની હવે કોઠી ધોવાય છે,
જોવાય સ્વાર્થ, મોવાય લાભ, રોવાય ઘટના -
'આત્મ કથા' નામે હવે મૃતકો વગોવાય છે..

ટેન્ડર જાળે,
માછલી ને બદલે
ફસાયા પોતે..
(શ્રી પુરૂષોત્તમ સોલંકી)

આવશે ખરા,
પણ ટિકીટ ટાણે -
સંપર્ક શરૂ..
(ભાજપમાં અસંતુષ્ઠો)




## ચિંતન

**નિજાશયવદાભાતિ પુંસા ચિત્તે પરાશયઃ ।**
**પ્રતિમા મુખચંદ્રસ્ય કૃપાણે યાતિ દીર્ઘતામ્ ॥**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' આ શ્લોક - જેને કમળો હોય એને બધું જ પીળું દેખાય છે' એ વૃત્તિને સમર્થન કરે છે :-

'માણસના ચિત્તમાં તેમનો પોતાનો જેવો આશય-ભાવ-હેતુ-ઇચ્છા હોય તેવો જ આશય તેને બીજામાં - સામેની વ્યક્તિમાં દેખાય છે. ચંદ્ર જેવા સુંદર મુખનું પણ પ્રતિબિંબ જો તલવારમાં જોવામાં આવે તો એ તલવારના આકાર જેવું જ લાંબુ-બેડોળ જ દેખાય છે. અર્થાત જે બીજનો ચંદ્ર શોભાયમાન - નિર્મળ છે છતાં તલવાર જેનો સ્વભાવ હત્યારો અને ઘાતકી જ છે તેથી તલવારમાં જોવાથી ચંદ્ર પણ 'તલવાર જેવો' ઘાતકી વધ કરવા લાયક જ દેખાય છે.'

માણસ - વ્યક્તિ નિખાલસ પણે કોઇ વાત સત્ય-ભૂલ અપરાધનો સ્વીકાર કરે અને હૃદયથી વિશુધ્ધ કે હળવાનો પ્રયત્ન કરે છતાં પણ જો જેની પાસે આવું સત્ય રજૂ થયું હોય એના મનમાં એ વ્યક્તિ પ્રત્યે કે પોતાના હૈયાં-વિચારોમાં એટલી ઉદાત્ત ભાવના કે ક્ષમાશીલતા ન હોય કે ઊંડી સમજ ન હોય તો સામેની વ્યક્તિની નિખાલસતાને સમજી શકતી નથી. એને એમાં દોષ જ દેખાય છે. આપણા મનમાં જે ભાવ, આપણી જેવી દૃષ્ટિ એવી જ દૃષ્ટિથી બનાવ-ઘટના-વ્યક્તિને આપણે મુલવીએ છીએ. બીજનાં ચંદ્રનું પ્રતિબિંબ તલવારમાં તલવાર જેવું જ દેખાય છે.

## સુવિચાર

- તમે જે પણ કાર્યક્ષેત્ર સ્વીકારો તેના મૂળ સુધીના અભ્યાસી થઇ જાવ, તમે આપોઆપ 'નિષ્ણાત' અને હોંશિયાર ગણાશો **- ટોલ્સટોય**
- ગાંડાઓ ઇતિહાસ રચે છે, ડાહ્યા લોકો ફક્ત એ વાંચે છે **- સંત માર્ટીન**
- સાચો અભિગમ, અડગ નિષ્ઠા અને સાચી લગન તથા દીર્ઘ દૃષ્ટિ આગળ શ્રેષ્ઠ ડિગ્રીઓ પણ પાણી ભરે છે **- ડો.એ.પી.જે. કલામ**
- સફળતા તમારી 'આસપાસ' નથી એ તમારામાં જ છે **- કાન્તિ ભટ્ટ**
- તમને જે નજર સમક્ષ દેખાય છે એટલું જ ન જોશો પરંતુ તમે જે જોવા ચાહો છો તેને જ નજર સમક્ષ રાખો **- દાદાભાઇ નવરોજી**
- 'અનુભવ'નો અભાવ અને 'અજ્ઞાન' વચ્ચેનો શૂન્ય અવકાશને 'જોખમ' નામ આપી શકાય **- ચંદ્રકાન્ત બક્ષી**
- તમે આત્મ વિશ્વાસથી ભરપૂર જિંદગી જીવો તો તમને જગતની કોઇ જ ચિંતા સતાવશે નહીં **- મોન્ટેક્સ્ક**

## બોધ કથા

**વૃંદાવનમાં આજે પણ એક કૃષ્ણમંદિર છે જેમાં કૃષ્ણના હાથમાં વાંસળીને બદલે ધનુષ્ય છે, નરસિંહ મહેતાએ લખેલી હુંડી - શામળશા શેઠે ચૂકવી મોરારી બાપુન બદલે રામે શિક્ષકની ફરજ બજાવી - આવાં આજના યુગનાં ચમત્કાર જે ઇશ્વર પ્રત્યેની શ્રધ્ધા-વિશ્વાસને દૃઢ કરવામાં સહાયભૂત થઇ શકે છે.**

**કર્ણાટકમાં 'ઉડીપી' નામે ગામ છે ત્યાં એક ખૂલ્લું મંદિર (ચારે તરફથી) પણ કઠેરાથી સુરક્ષિત થોડાં પગથિયાં ચઢી દર્શન થઇ શકે એવું કૃષ્ણમંદિર ૧૯૪૦ પહેલાં આપણા દેશમાં 'અસ્પૃશ્યતા' નો કડક અમલ હતો. મંદિરોમાં અસ્પૃશ્ય પ્રવેશ નિષેધ હતો.**

**કનકદાસ - ઉડીપીના એક વૃધ્ધ શુદ્ર હતા, પણ જબરા કૃષ્ણભક્ત. દરરોજ મંદિરે જવાનો મક્કમ નિર્ધાર-એમને શ્રીકૃષ્ણના સામેથી મુખદર્શનની મનાઇ હતી તેથી શ્રી કૃષ્ણની પીઠના દર્શન કરી સંતોષ લેતા પણ અચૂક નિયમથી દર્શન કરતા. એક દિવસ, કનકદાસનું હૈયું ભરાઇ આવ્યું અને પીઠના દર્શન કરતાં હતા ત્યાં જ મૂર્તિએ ૧૮૦ ડિગ્રીનો વળાંક લીધો ('યુ'ટર્ન) અને કનકદાસની સન્મુખ થઇ ગઇ મૂર્તિ. કનકદાસે પેટ ભરી દર્શન કર્યાં..**

**આજે પણ એ મંદિર ઉડીપીમાં હયાત છે અને મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર સામે 'પીઠ' છે..**

# એક લોકતાંત્રિક દેશનો વિદ્યાર્થી પ્રશ્નાર્થ આંખો સાથે રાજનીતિમાં આશ્ચર્ય ચિહ્નો જોઇ રહ્યો છે... અને કયાંક મૌન બેઠો છે, આંખો બંધ કરીને ચિરકાલીન શાંતિમાં...

## કાર્ટૂન, ફિર સે : હમ બુઝદિલ હૈ... ધ કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

**થોરાટ કમિટીની રિપોર્ટ આવી ગઇ. 'કાર્ટૂનો' થી ભયભીત થઇ ચૂકેલા સાંસદો અને સરકારને બચાવી ગઇ.**

**'જુઓ સાહેબ, આ કાર્ટૂન બરોબર નથી, આનાથી બાળકો પર 'નકારાત્મક' અસર ઊભા થાય છે... છોકરાવને આવું બધું 'ખરાબ' નહીં બતાવવાનું... એમને ફૂલો અને પરીઓનાં દેશમાં રહેવા દો...'**

**કદાચ આવું, કંઇક દેશના નેતા - પોલિટિશ્યન પાઠ્યપુસ્તકના રચયિતાઓને કહી રહ્યો હશે...!!**

**પ્રશ્ન કાર્ટૂનો કે કલાનો નથી... પ્રશ્ન તેની સાથે જોડાયેલી માનસિકતાઓનો છે. શું દેશના હિતનો નિર્ણય એટલે રાજકારણીઓનાં હિતનો નિર્ણય? પહેલી જ વાર ભારતીય શિક્ષા પ્રણાલીમાં અદ્દભૂત - પ્રયોગશીલ - વિચાર જન્માવી નાખે એવા પાઠ્યપુસ્તક પ્રવાહીત થયા હતા...!! ભારતીય શિક્ષા પ્રવાહીત થયા હતા...!! ભારતીય શિક્ષા પ્રણાલી એ જયાં શિક્ષક નથી બદલી શકાતો... ઇન્ફ્રાસ્ટ્રક્ચર બહેતર બનાવવું એક ચુનૌતી છે. ત્યાં કદાચ પાઠ્યપુસ્તકો જ એવો આયામ હતો, જેને સરળતાથી બદલી શકાતો હતો. જેને NCERT એ બદલ્યો... એકવિધ, સતત, સળંગ, મોનોટોનસ પાઠ્યપુસ્તકોનાં સ્થાને રંગીન, ડ્રોઇંગ્સ - પેન્ટીંગ્સ - ફોટોગ્રાફ, કાર્ટૂન અને પ્રવાહી - ભાષાશૈલીનાં પાઠ્યપુસ્તકો આવ્યા...!! પુસ્તકોની અંદર જ સવાલ પેદા કરવામાં આવ્યાં... સિક્કાની બીજી બાજુ ઉજાગર કરવામાં આવી... મેરા ભારત મહાનની પાછળનું બીજું એક દૃશ્ય પણ દેખાડવામાં આવ્યું... ઠોસ હકીકતો ભારતીય કલાસરૂમમાં ભણતાં વિદ્યાર્થીઓની સામે એક વિચારાત્મક પ્રશ્ન તરીકે મુકવામાં આવી... તેની ભીંતર સવાલો જગાડવામાં આવ્યા અને ભારતનો રાજકારણી ડરી ગયો. આ પાઠ્યપુસ્તકો પોતે કોઇ 'સત્ય' કે 'સિદ્ધાંત' પ્રતિપાદિત નથી કરતાં પરંતુ વિદ્યાર્થીને એ પસંદગી કરવાનો હક્ક આપે છે કે સાચું શું? એક નવો માર્ગ જે વિદ્યાર્થી પોતે શોધવાનો હતો... એક ખોજ જે તે પોતાનાં તર્ક પર કરવાનો હતો... પણ શાયદ હિન્દુસ્તાનની કિસ્મતમાં એ નથી! કેમ કે, કેટલાક ખુશકિસ્મત રાજકારણીઓ આ દેશની બદકિસ્મતી નક્કી કરી રહ્યાં છે...!! વેર ઇઝ ભારત ભાગ્ય વિધાતા?**




**૫૦ વર્ષ જૂના કાર્ટૂનની પ્રાસંગિકતાની વાત કરનારાઓ - ૫૦ વર્ષ કે ૫૦૦ વર્ષ જૂના ઇતિહાસની પ્રાસંગિકતાની વાત કેમ નથી કરતાં? પ્રાસંગિકતા માત્ર કાર્ટૂનને જ લાગુ પડે છે? શબ્દો કે ઘટનાઓને નહીં? શું જે તે સમયમાં લેખો, વિડિયો, ફોટોગ્રાફ્સ, ભાષણોની જેમ કાર્ટૂનને ઇતિહાસની તત્કાલીન ઘટનાઓનો એક મનોવૈજ્ઞાનિક દસ્તાવેજ ના ગણી શકાય? ભારતીય રાજકારણી 'આલોચના' ઓથી આટલો બધો કેમ ડરે છે? તેને પોતાની 'ટીકા'ઓથી ડર કેમ લાગે છે? શું તેને પોતાની ઇમાનદારી પર એટલો વિશ્વાસ નથી કે તે સાચાં આલોચિત કે વિવેચિત થવા મેદાનમાં આવી જાય...? કર્તવ્ય નિષ્ઠ - કર્મશીલ માણસને કદી આલોચનાનો ભય સતાવતો નથી.. કદી કોઇ ફૂલ એની ફોરમનું પ્રમાણ આપતા ખચકાય ખરું? નેતાજી... જરા સોચિયે!!**

**થોરાટ કમિટીએ સમગ્રતામાં એક ટૂંકમાં કાર્ટૂનની વિદ્યાર્થી માનસ પર ભારતીય રાજવ્યવસ્થા 'નકારાત્મક' છતી કે નેગેટીવ ઇમ્પ્રેશન ઉભી થશે એવો ડર બતાવ્યો... બાળકો પર આની ખરાબ અસર પડી શકે છે... આ એ જ બાળકો છે, જેનાં હાથમાં ભારતનું ભવિષ્ય આવવાનું છે. ડોકટરને રોગનાં લક્ષણ નહીં બતાવો તો ડોકટર ઇલાજ કેવી રીતે કરશે? સમસ્યા જાણ્યા વિના ઉકેલ શક્ય ખરો? શું હિન્દુસ્તાની સિયાસતદાર વિદ્યાર્થી સામેથી સમસ્યાઓ હટવી - એ સમસ્યાઓને કાયમ રાખવા માંગે છે, આખરે આ જ તો સમસ્યાઓ છે, જેણે આ તેમાંને જીવતો રાખ્યો છે... ભારતીય નેતાનું હિત ભારતીય સમસ્યાઓનાં તુષ્ટીકરણમાં છે એ રાજકારણી બરોબર જાણી ગયો છે... વંશવાદી રાજકારણમાં તેમનાં વંશજો પણ આ સમસ્યાઓ પર જીવવાનાં - જીતવાનાં છે.**

**...પણ આ સમસ્યા હલ થઇ ગઇ તો? સમસ્યાનાં મૂળ ઉપાડી ગયા તો રાજકારણીની સત્તાનું વૃક્ષ ઉપાડી જશે - પડી જશે - તેની આજ અને આવતીકાલ... વિદ્યાર્થીઓ અને જનતાની અજ્ઞાનતામાં સુરક્ષિત છે.**

**એક લોકતાંત્રિક દેશનો વિદ્યાર્થી પ્રશ્નાર્થ આંખો સાથે રાજનીતિમાં આશ્ચર્ય ચિહ્નો જોઇ રહ્યો છે... અને કયાંક મૌન બેઠો છે, આંખો બંધ કરીને ચિરકાલીન શાંતિમાં... ભારત ભાગ્ય વિધાતા!!**


ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૬ઠ્ઠી જુલાઇ

- નવલકથાકાર વિલિયમ ફોકનરની પુણ્યતિથિ તા. ૬-૭-૧૯૬૨. મૉસ્કીવીટૉઝ, સોલ્જર્સ પે, સોર્ટોરીસ, ધ સાઉન્ડ ઓફ ધી ફ્યુરી નામની, યાદગાર નવલકથાઓ લખી તા. ૬-૭-૧૯૬૨માં અવસાન થયું.
- અચાનક, અટકળ, અંજની, હસ્તપ્રત - ગઝલસંગ્રહોના સર્જક સાહિત્ય પરિષદ - સાહિત્ય અકાદમીના પારિતોષિક પ્રાપ્ત કરનાર મનોજ ખંડેરીયાની જન્મતિથિ ૬-૭-૧૯૪૩. આપણી વચ્ચેથી તા. ૨૭-૧૦-૨૦૦૩ ના રોજ વિદાય થયા.
- ૨૦૦૨માં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ધીરૂભાઇ



અંબાણીનું અવસાન.

- ૧૮૮૫માં લુઇ પાશ્ચરે હડકવાનાં રોગ



વિરોધી રસી શોધી.

- ભારતની એકતા - અંખડિતતાનું ચિંતન કરનારા, કાશ્મીરને ભારતનું અંગ તરીકેના સ્વીકારવાના પ્રયત્નો કરનારા 'જન સંઘ' ના સ્થાપક પૈકીના એક ડો. શ્યામાપ્રસાદ મુખરજીનો જન્મ. તા. ૬-૭-૧૯૦૧.

# દંભ આપણને કોઠે પડી ગયો છે... આપણે દંભી છીએ

## ચર્ચા સભા

- પોપટલાલ પ્રજાપતિ

લોક સાહિત્યકાર ભીખુદાન ગઢવીએ કહેલો એક પ્રસંદ યાદ આવે છે. એક વૃધ્ધ વિધવા બાઇ લાકડીના ટેકે ગામ વચ્ચેથી પસાર થાય છે. ગામનો ચોરો આવતાં તે ઘુમટો તાણે છે. કોઇકે પૂછ્યું, માજી! અહિં ચોરામાં તમારાથી મોટું કોઇ નથી તો પછી આ ઘુમટો કોનો તાણો છો? માજીએ કહ્યું દીકરા! એક સમયે આ ચોરા પર મારા સસરાં બેસતા હતા. અહિં આવું છું ને આ દૃશ્ય મારી નજર સમક્ષ તરવરે છે. એના પડઘા સંભળાય છે. આ ચોરાની મર્યાદા એ મારા સસરાની મર્યાદા છે...સમય વિત્યો હવે એવા ચોરાય નથી કે એવા ઘુમટાય નથી, એવી મર્યાદા તો કયાંથી હોય? પણ આ ઘુમટામાં ભીંતરનો ભાવ હતો કયાંક દંભ ન હતો. પણ હવે તો આપણે પ્રગતિશીલ બન્યાં છીએ. વૈજ્ઞાનિક શોળખોળોએ માનવીની જિંદગી સુધારી પણ એનામાં અપલખ્ખણ વધવા ગયા. અપ્રમાણિકતા, છેતરપીંડી, વિશ્વાસઘાત, બેઇમાની, સફેજ જૂઠ અને દંભ આપણને કોઠે પડી ગયા. આ બધું આપણા જીવનનો ભાગ બની ગયું. કોણ માણસ કેવો પ્રમાણિક કે કેટલો વિશ્વાસુ તે કહી જ ન શકાય. કોઇ બાબતને તોડી મરોડી રજૂ કરવામાં કે હકીકત પર ઢાંક પીછોળો કરવામાં કે કયારેક તેને વિકૃત રૂપે રજૂ કરવાની આપણને ફાવટ આવી ગઇ છે.

એવું લાગે છે કે પ્રત્યેક માનવી જિંદગીના રંગમંચનો અચ્છો કલાકાર છે, પોતાને ભોગે આવતી ભૂમિકા સમય સમયે તે આબાદ ભજવી જાણે છે. હા, આ સાંસારિક અભિનય ક્ષમતાનો કોઇ એવોર્ડ આપતું નથી, જેમ કે કોઇ વ્યક્તિ અગત્યના કામે બહાર જવાની તૈયારી કરતો હોય, તેને જવાની ખુબ ઉતાવળ હોય ત્યાં જ પોતાનાં નજીકનાં સંબંધી આવી ચડે તો અંદરથી અકળાતો, મુંજાતો માનવી ચહેરા પર કૃત્રિમતા લાવી તેને હસતાં મુખે આવકાર આપશે, ભીંતરની અકળામણ તે જરાય કળાવા નહિ દે, પોતાના કટ્ટર દુશ્મનનું આકસ્મિક મૃત્યુ થાય ત્યારે અંદરથી હરખાતો માનવી બહાર તો દિલસોજીના શબ્દો જ વ્યક્ત કરશે. અને આ અભિનય એવો આબાદ રીતે કરશે કે એની દુશ્મની કોઇને કળવા નહિ દે. બીજાની ખુબીઓને કોસતો માનવી પોતાની ખામીઓને હંમેશાં નવાજતો હોય છે. કયારેક વ્યક્તિ પોતાનો અહમ્ સંતોષવા માટે કે બીજાની તુલનામાં પોતે ઝાંખો ન પડે તે માટે પણ દંભ કરતો હોય છે. જેમ કે, આજ સુધી મેં પ્રમાણિકતાથી નોકરી કરી છે. હરામમાં પૈસાને કયારેય હાથ નથી લગાડ્યો આજ વ્યક્તિ કટકીબાજોના વર્તુળમાં ચર્ચા કરે તો, કટકીએ આજના જમાનાની અનિવાર્ય જરૂરિયાત છે તેવી દલીલ કરશે. માણસને બદલાતા વાર જ નહિ. સામાજિક સંબંધોમાં આપણે દંભ કાબિલેદાદ હોય છે. મગનભાઇ (કાલ્પનિક નામ) નો એકનો એક દીકરો ભણી ગણીને ડોકટર થયો. તેના માગા આવવા લાગ્યા. દરેકને મગનભાઇ એક જ જવાબ આપે કે આમ તો અમારે બે ત્રણ જગ્યાએ વાત ચાલે છે પણ તમારે અમારી દીકરો જોવો હોય તો અમને વાંધો નથી. છ મહિના પછી બીજા એક વાલીએ મગનભાઇ પાસે તેમના દીકરા માટે પ્રસ્તાવ મુક્યો તેમને પણ આ જ જવાબ... આમ તો અમારે બે-ત્રણ જગ્યાએ વાત ચાલે છે... આ "વાત ચાલે છે" નું ડીંડવાણું ત્રણ વર્ષ ચાલ્યું. એક આખા બોલા ભાઇએ અકળાઇને મગનભાઇને પુછી નાખ્યું. તમારે બે-ત્રણ જગ્યાએ વાત ચાલે છે તે કયારે પતશે? હકીકતમાં સૌને આદત પડી ગઇ હોય છે કે પોતાના દીકરા કે દીકરીનું માગુ આવે ત્યારે એક જ જવાબ આપવો... અમારે તો બે-ત્રણ જગ્યાએ વાત ચાલે છે. હકીકતમાં આ એક વાર્તા જ હોય છે. કોઇ વળી એમ કહે કે, અમારે ત્યાં પૈસાની કોઇ ખોટ નથી. અમારે તો સંસ્કારી કન્યા જોઇએ, કન્યા ગરીબ હશે તો ચાલશે. પણ હકીકતમાં ગર્ભશ્રીમંત નબીરો સંસ્કારી પણ ગરીબ છોકરીને પસંદ કરતો નથી. પણ જયાં સુધી ધનવાન કન્યા ન મળે ત્યાં સુધી આ દંભ ચાલે છે. જીવનના પ્રત્યેક તબક્કે અને વ્યવહારમાં જયાં સ્વાર્થની વાત આવે ત્યાં આપણે દંભનું મહોરુ પહેરી લઇએ છીએ. સામાજિક સંબંધોમાં આપણે હંમેશાં વાસ્તવિકતાને સત્ય સ્વરૂપે કયારેય રજૂ કરતા નથી પરિણામે કયારેક સમસ્યાઓ પેદા થાય છે. સૌને ઝાકમઝોળ ગમે છે, બાહ્ય સાહ્યબીથી સૌ અંજાય છે. પરિણામે દુર્ગુણોને આડંબરના વાધા પહેરાવાય છે. પણ દંભની એક સીમા હોય ત્યાં સુધી બરાબર છે, તેનો અતિરેક કોઇ વાર બુમરેંગ થાય અને દંભનો પડદો ચીરાય ત્યારે સંબંધોમાં કડવાશ જન્મે છે અને કોઇવાર સંબંધોનો અંત પણ આવી જાય છે. કોઇ વાર પડયુ પાનુ નીભાવવાની સમજણ હોય તો સંબંધ ટકી જાય છે. નોકરીનો ઇન્ટરવ્યુ આપવા આવનારને પોતાની લાયકાત વિશે પૂછવામાં આવે તો પોતે પ્રમાણિક, નિષ્ઠાવાન અને કાર્યદક્ષ હોવાની રજૂઆત કરાય છે. પણ આ દંભ ઝાઝું ટકે નહિ, અસલિયત સામે આવી જ જાય. પોતે દાનેશ્વરી હોવાનો દંભ કરનાર પોતાના પિતરાઇ ભાઇ-બહેનોને કે દીકરા - દીકરીઓને ઉછીના પૈસા આપવામાં પણ આનાકાની કરે છે. છતાં આ દંભના ગુણગાન ગવાય ને તેમના નામની તક્તીઓ પણ લગાડાય છે. ઝૂંપડપટ્ટીના બાળકો માટે સેવાનો કેમ્પ કરી પોતાના ફોટા અખબારોમાં પ્રસિધ્ધ કરાવનાર પોતાની કામવાળીના બિમાર બાળકને દવાખાને લઇ જવાનાં નાનમ અનુભવે છે, આને દંભ નહિ તો બીજું શું કહીશું? પણ દંભ આપણને કોઠે પડી ગયો છે. દંભની યશોગાથા ગવાય છે, અને તે આપણને સાંભળવી ગમે છે. ખરેખર આ જગત કેવું દંભી છે નહિ...???

> **ઝૂંપડપટ્ટીના બાળકો માટે સેવાનો કેમ્પ કરી પોતાના ફોટા અખબારોમાં પ્રસિધ્ધ કરાવનાર પોતાની કામવાળીના બિમાર બાળકને દવાખાને લઇ જવાનાં નાનમ અનુભવે છે, આને દંભ નહિ તો બીજું શું કહીશું?**

## એક વૈદ્યની અનોખી વાત

ઝંડુ ભટ્ટ.

એમનો જન્મ જામનગરમાં.

ભટ્ટજી હતા હોંશિયાર વૈદ. ભલભલા દાકતરો ના મટાડી શકે તે એમની સારવારથી મટી જાય. એક વખત વઢવાણ શહેરમાં ઠાકોર દાજીરાજ માંદા પડ્યા. દાકરતોની સારવાર લીધી છતાં એમની તબિયત દિવસોદિવસ બગડવા માંડી. જાણીતા દાકતરો એમનાં ત્યાં જવાનું ટાળવા લાગ્યા.

છેવટે ઝંડુ ભટ્ટને જામનગરથી તેડાવ્યા. એમણે સારવાર શરૂ કરી.

લાંબા સમયમાં દરદી દાજીરાજ ઠાકોરને થયું : હવે કદાચ લાંબો સમય જીવી જવાય એમ લાગતું નથી. માથે દેવું વૈદ્યનું રાખીએ તો બરાબર નહીં વિચારીને તકિયા નીચેથી દસ હજાર રૂપિયાની થોકડી એમને ધરી.

એ થોકડીને હાથ લગાડ્યા વગર ભટ્ટજી કહે 'ઠાકોર હિંમત ના હારો, તમે સાજા થવાના જ છો. તે ટાણે ફી લઈશ. હમણાં મારાથી ના લેવાય.'

ઠાકોર કહે : સામે જઈશ તો તો તમને લાખ રૂપિયા આપીશ.

કમનસીબે બે જ દિવસ પછી ઠાકોરનું અવસાન થયું. ઝંડુ ભટ્ટ પણ એમની સ્મશાનયાત્રામાં જોડાયા ને ત્યાંથી બારોબાર જામનગર આવી ગયા.

પછીથી દાજીરાજ ઠાકોરના વારસદારોએ વઢવાણથી ઝંડુ ભટ્ટને મોટી રકમ સારવાર પેટે મોકલાવી. પણ એમણે એ રકમનો સ્વીકાર ન કર્યો. ઝંડુ ભટ્ટને એક જ જવાબ :

'દાજીરાજ સાજા થયા હોત તો નિયમસરની ફી લઈ લેત પણ કોઈ દરદીને સાજા કર્યા વિના મારાથી ફી ના લેવાય.'





## આગે કદમ

- ઝંવેરચંદ મેઘાણી

**આગે કદમ! આગે કદમ! આગે કદમ!**
**યારો! ફનાના પંથ પર આગે કદમ!**
**આગે કદમ : પાછા જવા રસ્તો નથી**
**રોકાઓના - ધક્કા પડે છે પીઠથી**
**રોતાં નહિ - ગાતાં ગુલાબી તોરથી**
**આગે કદમ! આગે કદમ! આગે કદમ!**
**આગે કદમ - દરિયાવની છાતી પરે**
**નિર્જળ રણે, ગાઢાં અરણ્ય ડુંગરે**
**પથ ભલે ધન ધૂઘવે કે લૂ ઝરે**
**આગે કદમ! આગે કદમ! આગે કદમ!**

## નિરાંતની વેળાએ : શ્રીમાન ભોટવાશંકર

આ ચિત્ર જુઓ. છે કશો મોં-માથાનો મેળ? પરંતુ એના અ, બ, ક અને ડ ભાગ વારાફરતી ટ્રેસ કરી જોશો તો શ્રીમાન ભોટવાશંકર દેખાશે!




### બાળ મિત્રો,

સ્વામી વિવેકાનંદે બાળકો અને યુવાનોને ધ્યાનમાં રાખીને ખૂબ સારી વાતો કરી છે. અને બહુ જ સાદી ભાષામાં પોતાનો સંદેશો આપ્યો છે.

સ્વામી વિવેકાનંદ કહે છે કે - 'જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંડ ખંત અને દઢ ઈચ્છાશક્તિ હોવાં જોઈએ. જો તમે પુરૂષાર્થ કરશો તો જરૂર તમે ધ્યેયને પામી શકશો.'

એક વિચાર ગ્રહણ કરો અને તેને તમારું જીવન સર્વસ્વ બનાવી દો. તેના વિશે ચિંતન કરો, તેનાં સ્વપ્ન સેવા, એ વિચાર ઉપર જ જીવો. સફળતા મેળવવાનો આ એક જ માર્ગ છે.

## અજાયબીઓ (અર્વાચીન)

- એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ : **ન્યૂયોર્ક**
- પનામા નહેર : **મધ્ય અમેરિકા**
- ભૂગર્ભ રેલ્વે : **લંડન**
- પુલ : **સાન ફ્રાન્સિસ્કો**
- આસ્વાન બંધ : **ઈજિપ્ત**
- વૉશિંગ્ટન સ્મારક : **વૉશિંગ્ટન**
- ઍફિલ ટાવર : **પૅરિસ**
- ઈંગ્લેન્ડ અને ફ્રાન્સને જોડતી ટનલ : **ઈંગ્લિશ ચૅનલ**
- સ્વાતંત્ર્ય દેવીનું પૂતળું : **ન્યૂયોર્ક**